## ઇન્ફ્લુએન્સરને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

**નંબર** પ્લેટ વગરની કાર સાથે વલસાડ પોલીસમાં પહોંચેલા ઇન્ફ્લુએન્સરને દંડ ફટકારાયો



વલસાડ : વલસાડમાં સોશિયલ મીડિયા પેજ 'વલસાડવાસી'ના ઇન્ફ્લુએન્સર નિકુંજ મીના રૂપિયા ૧૦ લાખની ખંડણી માંગવાના કેસમાં આગોતરા જામીન મળ્યા બાદ વલસાડ રૂરલ પોલીસમાં હાજર થયો હતો. નિકુંજ બ્લેક બ્રેઝા કારમાં પોલીસ મથકે પહોંચ્યો કાર પર નંબર પ્લેટ ન હોવા અને આરટીઓ નિયમો વિરુદ્ધ ડાર્ક ફિલ્મ લગાડેલી હોવાથી પોલીસે કાયદાનું ભાન કરાવ્યું હતું. પોલીસે કાર( GJ-15-CP-0096 )ના માલિક નિકુંજ મીનાને રૂપિયા ૧,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. કોપીરાઈટ ક્લેમના બહાને રૂપિયા ૧૦ લાખની ખંડણી માંગવાના કેસમાં રૂરલ પોલીસે તેની પૂછપરછ કરી હતી. તપાસમાં સામે આવ્યું છે કે, WhatsApp દ્વારા પૈસા માંગવા માટે વપરાયેલા વિદેશી નંબર (+66838401919) પાછળ ત્રીજા આરોપીની ઓળખ હજુ બાકી છે, કેસનો અન્ય આરોપી શ્રેયાંસ યાદવ હજુ ફરાર છે અને તેને આશ્રય આપવામાં કોણે મદદ કરી છે તે દિશામાં પણ પોલીસે તપાસ તેજ કરી છે.

### દુકાનદારો અને પાલિકાના કર્મચારીઓ વચ્ચે જીભાજોડી અને ઘર્ષણના દ્રશ્યો સર્જાયા

## દુકાનદારોનું દબાણ હટાવાયું

**આઝાદ** ચોક અને એમજી રોડ પર નગરપાલિકાની લાલ આંખ

**સ્ટેચ્યુ** અને સામાન જપ્ત થતાં વેપારીઓમાં દોડધામ મચી



વલસાડ : વલસાડ શહેરના મુખ્ય અને સતત ધમધમતા આઝાદ ચોક વિસ્તારમાં નગરપાલિકાની ટીમ દ્વારા ગેરકાયદેસર દબાણો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અહીંના સ્થાનિક વેપારીઓ દ્વારા રસ્તાઓ અને ફુટપાથ પર ગેરકાયદેસર રીતે કપડાંના સ્ટેચ્યુ (મેનેક્વિન) અને સામાન મૂકીને મોટા પાયે દબાણ કરવામાં આવ્યું હતું, જેને પરિણામે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો.

મંગળવારે વલસાડ નગરપાલિકાની ટીમ પોલીસ બંદોબસ્તને સાથે રાખીને વલસાડ આઝાદ ચોક તથા એમજીરોડ ખત્રીવાડ શાકભાજી માર્કેટ વગેરે રસ્તા ઉપર ત્રાટકી હતી અને રસ્તા પર મુકેલા સ્ટેચ્યુ સહિતનો દબાણરૂપ સામાન જપ્ત કરીને દબાણ હટાવવાની ઝુંબેશ શરૂ કરી હતી. પાલિકાની આ અચાનક હાથ ધરાયેલી કાર્યવાહીથી વિસ્તારના વેપારીઓમાં ભારે દોડધામ અને અફરાતફરી મચી જવા પામી હતી. કાર્યવાહી દરમિયાન કેટલાક દુકાનદારો અને નગરપાલિકાના કર્મચારીઓ વચ્ચે તીખી જીભાજોડી અને ઘર્ષણના દ્રશ્યો પણ સર્જાયા હતાં. વેપારીઓએ કાર્યવાહીનો વિરોધ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સાથે રહેલા પોલીસ કાફલાએ સ્થિતિ પર કાબૂ મેળવીને દબાણ હટાવવાની કામગીરી ચાલુ રખાવી હતી. આશ્ચર્યની વાત એ છે કે, પાલિકા દ્વારા આટલી કડક કાર્યવાહી કરવામાં આવી હોવા છતાં અને દંડકીય પગલાં ભરાયા હોવા છતાં કેટલાક દુકાનદારો હજુ પણ સુધરવાનું નામ લેતા નથી. પાલિકાની ટીમ જતાં જ ફરીથી સામાન બહાર મૂકવાની માનસિકતા જોવા મળી રહી છે. નગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, જો આઝાદ ચોક વિસ્તારમાં ફરીથી ગેરકાયદેસર દબાણ કરવામાં આવશે તો આગામી દિવસોમાં વધુ દંડ અને દુકાનો સીલ કરવા જેવી આકરી કામગીરી પણ કરવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### જલાલપોરમાંથી ગાંજા સાથે બે આરોપી ઝડપાયા



નવસારી: જલાલપોર પોલીસે વિરલનગર વિસ્તારમાં કોમન પ્લોટ પાસે બાતમીના આધારે દરોડો પાડી ગાંજાના જથ્થા સાથે ધર્મેન્દ્રસિંહ ભરતસિંહ ભદોરીયા અને મનોજભાઈ બાબુલાલ પટેલ (બંને રહે. નવસારી)ને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી 0.22 કિલોગ્રામ ગાંજો, એક CNG રીક્ષા અને બે મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા 1.61 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ અંગે જલાલપોર પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. કેસમાં સંડોવાયેલા અન્ય એક વોન્ટેડ આરોપીને ઝડપી પાડવાના પ્રયાસો ચાલુ છે.

### પારડી પોલીસનો સાત વર્ષથી વોન્ટેડ બૂટલેગર દમણથી ઝડપાયો



પારડી : વલસાડ જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB)ની ટીમે છેલ્લા સાત વર્ષથી પોલીસને ચકમો આપીને નાસતા-ફરતા વોન્ટેડ બૂટલેગરને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે LCBની ટીમે દમણ જેલ પાસેથી ૩૫ વર્ષીય આરોપી કિરણ ઉર્ફે લાલુ હરીભાઈ માહ્યાવંશીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ઝડપાયેલા આરોપી વિરુદ્ધ પારડી, વાપી ટાઉન, વલસાડ સિટી તેમજ ભરૂચના નેત્રંગ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન અને અન્ય ગંભીર કલમો હેઠળ કુલ સાતથી વધુ ગુનાઓ નોંધાયેલા છે. લાંબા સમયથી વોન્ટેડ એવા આ કુખ્યાત બૂટલેગરની ધરપકડથી પોલીસ વિભાગે રાહત અનુભવી છે અને વધુ તપાસ શરૂ કરી છે.

### નાંણા મંત્રી કનુભાઈની વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ઉપાધ્યક્ષ પદે નિમણૂંક



વાપી : નાણામંત્રી કનુભાઈ દેસાઈની આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ઉપાધ્યક્ષ તરીકે નિમણૂંક થતાં આ વરણીથી વલસાડ જિલ્લાનું ગૌરવ વધ્યું છે. રાજ્યની સૌથી મહત્વપૂર્ણ ગણાતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ઉપાધ્યક્ષ તરીકે જવાબદારી મળી તે કનુભાઈની નાણાં મંત્રી તરીકેની કાબેલિયત તેમજ નિષ્ઠાપૂર્વક કોઈ પણ જવાબદારીને નિભાવવાની તેમની કાર્યશૈલીને આભારી હોવાનું લાગે છે. રાજ્ય સરકાર જાન્યુઆરી-2027માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આયોજન કરશે. આ સમિટ દ્વારા દેશ-વિદેશના રોકાણકારોને ગુજરાતમાં રોકાણ માટે આકર્ષવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. સમિટના પ્રમુખ તરીકે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની નિમણૂંક કરવામાં આવી છે, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ રાજ્યની સૌથી પ્રતિષ્ઠિત બિઝનેસ ઈવેન્ટ ગણાય છે. આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં યોજનારી આ સમિટ રાજ્ય સરકાર માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. વૈશ્વિક રોકાણ, ઔદ્યોગિક વિકાસ અને રોજગારી સર્જનના દ્રષ્ટિકોણથી આ સમિટ મહત્વની છે. નાણાં મંત્રી કનુભાઈ દેસાઈને આ મહત્વની જવાબદારી સોંપવામાં આવતા વલસાડ જિલ્લો તેમજ વાપી સહિતના સમગ્ર વિસ્તારના લોકો માટે આ ગૌરવની વાત છે.

### વાપીના પંડોરમાં પૂરગ્રસ્તોને રાહત કિટનું વિતરણ



વાપી : જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી દ્વારા પંડોર ગામ, વાપીમાં પૂરગ્રસ્ત અને જરૂરિયાતમંદ પરિવારોને રાહત કિટનું વિતરણ કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમમાં બાલા શેટ્ટી, પૂર્વ પ્રમુખ ચારુશીલાબેન ભટ્ટ, પૂર્વ પ્રમુખ હિરેન ગોર તેમજ સભ્યો અને દાતાઓએ હાજરી આપી હતી. જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીના પ્રમુખ રિતેશ રાવલે જણાવ્યું કે, આપત્તિના સમયમાં સમાજના દરેક વ્યક્તિ સુધી મદદ પહોંચાડવી એ આપણી સૌની સામૂહિક જવાબદારી છે. ખ્યાતિ રાવલે જણાવ્યું કે, સૌના સહયોગ અને દાતાઓના ઉદાર યોગદાનથી આજે અનેક પરિવારોને રાહત મળી છે.

### વાપી રાતા ખાડીના ચેકડેમમાં તણાઈ ગયેલા યુવકની લાશ મળી

વાપી : રાતા ગામમાંથી પસાર થતી કોલક ખાડી કિનારે વાપીના ચાર મિત્રો ભેગા મળી નાહવા માટે આવ્યા હતાં. જેમાં છીરી સાંઈ સબમરીન રેસીડન્સીમાં રહેતો દિપક અનિલભાઈ પાંડે (ઉં.28) પાણીમાં નાહવા માટે ગયા ત્યારે પાણીના પ્રવાહમાં તણાઈ ગયો હતો. આ દ્રશ્ય જોઈ અન્ય ત્રણ મિત્રો બહાર આવી ગયા હતા અને આસપાસના લોકોને જાણ કરી હતી. બનાવ સ્થળે સ્થાનિક તરવૈયા સહિત વાપી મહાનગરપાલિકા અને વાપી નોટીફાઈડની ફાયર ફાઈટરોની ટીમ પહોંચી ગઈ હતી. બે દિવસ સુધી શોધખોળ હાથ ધર્યા બાદ ત્રીજા દિવસે ફાયર ટીમે પાતલીયા ચેકપોસ્ટ પાસે, બ્રહ્મદેવ મંદિર પાસેથી કોલક નદીમાંથી લાશને બહાર કાઢી હતી. મૃતકના પરિવારજનો પણ પહોંચ્યા હતાં. બનાવ સ્થળે પોલીસ ટીમ પણ પહોંચી હતી અને લાશને ઓરવાડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મોકલી હતી.

### ધરમપુરના કાંગવી ગામે કેન્સરથી પીડિત મહિલાનું કુવામાં પડી જવાથી મોત

ધરમપુર : ધરમપુર તાલુકાના કાંગવી ગામના નિશાળ ફળિયામાં રહેતા વિજય પટેલની પત્ની મંજુલાબેનનું કુવામાં પડી જવાથી મોત થયું હતું. મંજુલાબેન અન્નનળીના કેન્સરની ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા હતા. બીમારીને કારણે શ્વાસ લેવામાં તકલીફ થવાથી ગળામાં શ્વાસનળી પણ મૂકવામાં આવી હતી. લાંબા સમયની શારીરિક પીડાને કારણે તેઓ વ્યથિત રહેતા હતા. મધરાત બાદથી સવારે પાંચ વાગ્યા દરમિયાન કુવામાં પડી ગયા હોવાનું જણાયું હતું. પરિવારજનો અને સ્થાનિકોએ તેમને બહાર કાઢ્યા હતા, પરંતુ કમનસીબે તેમનું મોત નીપજ્યું હતું. ધરમપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### બીલીમોરામાં આધેડે ટ્રેન સામે અડફેટે આવી જીવન ટૂંકાવ્યું

બીલીમોરા : બીલીમોરાના ગોહરબાગમાં રહેતા અને વલોટીની કંપનીમાં નોકરી કરતા ૩૯ વર્ષીય પ્રવીણસિંહ ચૌહાણે ટ્રેન સામે આપઘાત કરી લીધો છે. વડોદરાના સણીયાદ ગામના વતની પ્રવીણસિંહે તલોધ સિંગલ ફળિયા પાસેથી પસાર થતી ટ્રેન સામે ટ્રેક પર સૂઈને જીવન ટૂંકાવ્યું હતું. લોકોના જણાવ્યા મુજબ, ડ્રાઈવરે હોર્ન મારવા છતાં તેઓ ખસ્યા ન હતા, જેના કારણે શરીરના ટુકડા થઈ ગયા હતા. ઘટનાસ્થળેથી મળેલા પર્સમાંથી આઈડી પ્રૂફ દ્વારા તેમની ઓળખ થઈ હતી. તેઓ પત્ની અને બે વર્ષની માસૂમ દીકરી સાથે રહેતા હતા. ઘટના પહેલા તેમણે પરિવારને ચિંતાજનક મેસેજ કરી ફોન સ્વીચ ઓફ કરી દીધો હતો, જેથી વડોદરાથી આવેલા સ્વજનોએ તપાસ કરતા આ દુર્ઘટના સામે આવી હતી. આ હૃદયદ્રાવક ઘટનાથી પરિવાર ભાંગી પડ્યો છે, અને બીલીમોરા રેલવે આઉટ પોસ્ટના એએસઆઈ ભાવસિંગભાઈ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## નવસારીમાં રોડ ઉપર રખડતા ઢોરોની સમસ્યામાં ઘટાડો થશે

**ખંભલાવ** પાંજરાપોળ શરૂ કરાયું, પ્રથમ તબક્કામાં 48 પશુઓનું સ્થળાંતર



નવસારીઃ શહેરમાં રખડતા ઢોરના કારણે સર્જાતી ટ્રાફિક અવ્યવસ્થા અને અકસ્માતોના જોખમને ઘટાડવા નવસારી મહાનગરપાલિકાએ મહત્વપૂર્ણ પહેલ કરી છે. જલાલપોર તાલુકાના ખંભલાવ પાંજરાપોળને કાર્યરત કરી પ્રથમ જ તબક્કામાં શહેરમાંથી 48 રખડતા પશુઓને સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવ્યા છે.

મ્યુનિસિપલ કમિશનરે તાજેતરમાં ખંભલાવ પાંજરાપોળની સ્થળ મુલાકાત લઈ જરૂરી સુવિધાઓની સમીક્ષા કર્યા બાદ તાત્કાલિક કામગીરીના નિર્દેશ આપ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ મનપાના CNCD વિભાગે ઝડપી અભિયાન ચલાવી શહેરના વિવિધ વિસ્તારોમાંથી રખડતા પશુઓને પકડી પાંજરાપોળમાં ખસેડ્યા હતા.

હવે શહેરમાંથી પકડાતા તમામ રખડતા પશુઓને ખંભલાવ પાંજરાપોળમાં રાખવામાં આવશે, જ્યાં તેમના માટે ચારો, પીવાનું પાણી, તબીબી સારવાર અને જરૂરી દેખરેખની સુવિધા ઉપલબ્ધ રહેશે. આ પહેલથી માત્ર અબોલ પશુઓને સુરક્ષિત આશરો જ નહીં, પરંતુ શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકમાં અવરોધ ઉભો કરતા રખડતા ઢોરની સમસ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થવાની આશા છે.

નાગરિકોની લાંબા સમયથી ચાલી આવતી ફરિયાદોને ધ્યાનમાં રાખી મનપાએ લીધેલું આ પગલું જીવદયા અને જાહેર સુરક્ષા બંને દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. શહેરને રખડતા ઢોરમુક્ત બનાવવા માટે હવે મનપા વધુ વ્યાપક અભિયાન ચલાવશે તેવી પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ડિજિટલ અરેસ્ટ કરી નિવૃત્ત કોર્ટ રજિસ્ટ્રાર પાસે લાખો પડાવાયા

**મુંબઈ** ક્રાઈમ બ્રાન્ચ અને ટેલિકોમ અધિકારી બની ઠગોએ કેસમાં ફસાવવાની ધમકી આપી SIP અને મ્યુચ્યુઅલ ફંડ તોડાવ્યા

વલસાડ : મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને ટેલિકોમ વિભાગના ખોટા અધિકારી બની મની લોન્ડરિંગ કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને વલસાડ જિલ્લાના એક નિવૃત્ત કોર્ટ રજિસ્ટ્રારને 'ડિજિટલ કસ્ટડી'માં રાખી રૂપિયા ૩૦,૭૬,૦૦૦ ની છેતરપિંડી આચરવામાં આવી છે.

વલસાડ કોર્ટમાંથી રજિસ્ટ્રાર તરીકે નિવૃત્ત થયેલા એક વૃદ્ધે નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત ૯ જુલાઈ ૨૦૨૬ના રોજ તેમના પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો.

ફોન કરનારે પોતે દિલ્હી ટેલિકોમ ડિપાર્ટમેન્ટમાંથી બોલે છે તેમ કહી તેમના નામના આધાર કાર્ડ પરથી અન્ય સિમકાર્ડ ખરીદી ગેરકાયદેસર પ્રવૃત્તિ થતી હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખ આપી નરેશ ગોયલના રૂપિયા ૫ લાખના મની લોન્ડરિંગ કેસમાં તેમની સંડોવણી હોવાનો અસલી જેવો લાગતો ડર બતાવ્યો હતો.

ઠગોએ સુપ્રીમ કોર્ટ, CBI અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના બોગસ સીલવાળા ઓર્ડર અને અરેસ્ટ વોરંટ વોટ્સએપ પર મોકલી આપ્યા હતા. તેમજ તેમને ઘરમાં જ એક રૂમમાં પૂરાઈ રહેવા અને કોઈને જાણ ન કરવા દબાણ કરી સતત ઓનલાઈન વીડિયો કોલ પર રાખી 'ડિજિટલ એરેસ્ટ' કર્યા હતા. કેસમાંથી બહાર નીકળવા માટે બેંક ટ્રાન્ઝેક્શન ચેક કરવાના બહાને નિવૃત રજીસ્ટારએ પોતાની SIP અને મ્યુચ્યુઅલ ફંડની રોકાણ રકમો તોડાવી અલગ-અલગ તારીખે કુલ રૂપિયા ૩૦,૭૬,૦૦૦ DCB બેંક અને ICICI બેંકના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.

ગત ૨૧ જુલાઈના રોજ ઠગોએ વધુ સોનું મંગાવતા અને તેઓ સોનું લઈને બેંક જતાં, તેમની પત્ની અને બાળકોને શંકા ગઈ હતી. પરિવારે તપાસ કરતા આખી ઘટના ફ્રોડ હોવાનું માલૂમ પડ્યું હતું. જેથી તેમણે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે નિવૃત્ત રજિસ્ટ્રારની ફરિયાદના આધારે ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

## વાપીમાં ગાંજાના જથ્થા સાથે પકડાયેલો ઈસમ રિમાન્ડ પર

**ટ્રેન** મારફત ઓરિસ્સાથી જથ્થો લઈને પાંચ મિત્રો વાપી આવ્યા હતા અને એક ઝડપાયો હતો

વાપી : એસઓજી વલસાડ (વાપી કેમ્પ) ટીમે વાપી, ગીતાનગર પોલીસ ચોકી સામે આવેલા જૂના ફાટક નજીક ખભે બેગ ભેરવીને ઉભેલા પાંચ ઈસમો પૈકી સંજય ઉર્ફે સંજય પરમાર (ઉં.26, રહે. પ્રતિભા કોમ્પ્લેક્સ, આમલી) ને ઝડપી પાડ્યો હતો. સંજયના અન્ય ચાર મિત્રો (1) મનોજ (2) ગજોધર ઉર્ફે રાહુલ (3) પ્રદિપ (4) સોનુ પાલ (તમામ રહે. પીપરીયા) ભાગી છૂટ્યા હતાં. પોલીસને બેગમાંથી ગાંજાનો 42.180 કિલોગ્રામ જથ્થો મળી આવ્યો હતો. સંજયની વધુ પુછતાછ કરતા ગાંજાનું વેચાણ પીપરીયામાં રહેતા ભરત કરતો હતો અને તે ઓરીસ્સાથી લાવવા જણાવતો હતો. જે બાદ મિત્રો સાથે ટ્રેનથી ઓરિસ્સા પહોંચી પંજા નામના વ્યક્તિએ ગાંજાનો જથ્થો સપ્લાય કરનાર દાદા સાથે સંપર્ક કરાવેલો હતો અને ટ્રેન મારફત પાંચેય વાપી રેલવે સ્ટેશન પહોંચ્યા હતાં.

વલસાડ એસઓજી ટીમે વાપી ટાઉન પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

આ ગાંજા જથ્થા પ્રકરણમાં સંજયને વાપી કોર્ટે તા.11-8-2026 સુધી (8 દિવસ)ના રીમાન્ડ મંજૂર કર્યા હતાં.

## ધરમપુરમાં મહેસૂલી કામગીરીમાં વિલંબ સામે કોંગ્રેસનો વિરોધ

**ખેડૂતો,** વિદ્યાર્થીઓ અને ગ્રામજનોના પ્રશ્નો ઉકેલવા મામલતદારને આવેદનપત્ર

ધરમપુર : ધરમપુર તાલુકામાં પેઢીનામું, વારસાઈ અને જાતિના દાખલા સહિતની મહેસૂલી કામગીરીમાં થઈ રહેલા વિલંબનો મુદ્દો રાજકીય રંગ પકડ્યો છે. સમસ્યાના ઉકેલ માટે કોંગ્રેસ સમિતિએ મામલતદારને આવેદનપત્ર પાઠવી કામગીરી કરવાની માંગ કરી હતી. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે મહેસૂલી વિભાગની ધીમી કામગીરીના કારણે ખેડૂતો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોના કામો અટવાઈ રહ્યા છે. તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલના નેતૃત્વમાં કાર્યકર્તાઓ મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. રજૂઆતમાં જણાવ્યા અનુસાર, અગાઉ તલાટી દ્વારા પેઢીનામું, વારસાઈ અને જાતિના દાખલાની કામગીરી સરળતાથી થતી હતી. પરંતુ છેલ્લા એક મહિનાથી અરજદારોને રેવન્યુ તલાટી પાસે મોકલવામાં આવે છે, જ્યાં અરજીઓનો સમયસર નિકાલ ન થતાં લોકોને કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા છે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, વિવિધ સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં મુશ્કેલી પડે છે જેવી કે શાળા-કોલેજમાં પ્રવેશ અને શિષ્યવૃત્તિ માટે જરૂરી દાખલા સમયસર મળતા નથી, રોજિંદા મહેસૂલી કામો માટે લાંબી રાહ જોવી પડે છે. કોંગ્રેસે માંગ કરી છે કે બાકી રહેલી તમામ અરજીઓનો સમયમર્યાદામાં ઝડપી નિકાલ કરવામાં આવે અને અરજદારોને હેરાનગતિમાંથી મુક્તિ અપાય. જો અસરકારક પગલાં નહીં લેવાય, તો ગ્રામજનોને સાથે રાખીને પ્રાંત કચેરીએ ધરણાં કરાશે, જેની જવાબદારી તંત્રની રહેશે. આ વેળાએ હિનાબેન દીવા, મુફિદ પઠાણ, રમેશભાઈ પાડવી, દેવુભાઈ મોકાશી, રસિકભાઈ પટેલ, શીતલબેન ચૌધરી, ઈલેશભાઈ સુરતી અને ફહીમ બાહનાન સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

### વાપી ડુંગરામાં લખોટી રમવા બાબતે થયેલી બોલાચાલીમાં બે બાળકો પર હુમલો

વાપી : વાપીના ડુંગરા કોલોની સ્થિત પરિવાર એપાર્ટમેન્ટમાં રહેતા સોહીલ ઈબરાર ખાનના બાળકો બિલ્ડીંગ નીચે લખોટી રમી રહ્યા હતા. આ દરમિયાન તે જ બિલ્ડીંગમાં રહેતા આસિફ અલી અંસારીએ બાળકોને રમવાની ના પાડીને મારવાની ધમકી આપી હતી. બાળકો ફરી રમતા આસિફે એક બાળકને માર માર્યો હતો અને તેને બચાવવા વચ્ચે પડેલા નાના ભાઈને પણ માર માર્યો હતો. ઈજાગ્રસ્ત બંને ભાઈઓને સેલવાસની હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં નાના બાળકને ખભાના ભાગે ફ્રેક્ચર થયું હતું. આ બનાવ અંગે સોહીલ ખાને ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## લગ્ન સમયે લાખોનું કરિયાવર આપ્યું છતાં દહેજ માટે ત્રાસ

**પંજાબ** પરણેલી નવસારીની યુવતીને દહેજ માટે ત્રાસ ગુજારનાર પતિ, સાસુ અને સસરા સામે ફરિયાદ

નવસારી: નવસારી તાલુકાના વેસ્મા ગામની અને પંજાબના જાલંધર ખાતે પરણેલી પરિણીતાએ વધુ દહેજની માંગણી કરી પતિ, સાસુ અને સસરા દ્વારા અપાતા શારીરિક તથા માનસિક ત્રાસથી કંટાળીને જલાલપોર મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પીડિતાના લગ્ન પંજાબના જાલંધર ખાતે રહેતા મનપ્રીતસિંહ ઉર્ફે સન્ની યોધસિંહ સાથે થયા હતા. લગ્ન પ્રસંગે પીડિતાના પરિવારે રોકડ રકમ, સોનાના દાગીના, ચાંદી તથા ઘરવપરાશની કિંમતી ચીજવસ્તુઓ આપી હતી. પરંતુ લગ્નના થોડા જ સમય બાદ પતિ, સાસુ બેબી યોધસિંહ અને સસરા યોધસિંહ અમરનાથ દ્વારા વધુ દહેજની માંગણી શરૂ કરી ધોલ-ઝાપટ મારી ત્રાસ આપતા હતા. આરોપોની ગંભીરતાને ધ્યાનમાં રાખી જલાલપોર મહિલા પોલીસ સ્ટેશને પતિ મનપ્રીતસિંહ ઉર્ફે સન્ની યોધસિંહ, સાસુ બેબી યોધસિંહ અને સસરા યોધસિંહ અમરનાથ, (રહે. મકાન નં. 4022, આયાટ બજાર, કતારપુર જાલંધર) વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ફરિયાદમાં કરવામાં આવેલા આક્ષેપોની ચકાસણી, બંને પક્ષોના નિવેદનો તેમજ પુરાવાના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. નોંધનીય છે કે, પોલીસમાં ગુનો નોંધાવાનો અર્થ આરોપો સાબિત થઈ ગયા એવો નથી તેની સત્યતા તપાસ અને કાયદાકીય પ્રક્રિયા બાદ જ નિર્ધારિત થશે.

## સુખાલાની ગ્રામસભામાં ડેપ્યુટી સરપંચસહિતનાસભ્યોગેરહાજર

**સરપંચ** સામે થયેલી અવિશ્વાસની દરખાસ્ત મુદ્દે ગ્રામજનોનો અભિપ્રાય સહિતના મુદ્દાઓ ચર્ચાયા



વલસાડ : નાનાપોંઢા તાલુકાના સુખાલા ગ્રામ પંચાયતની ગ્રામસભા યોજાઈ હતી. જોકે, ગ્રામ સભામાં ડેપ્યુટી સરપંચ સહિત તમામ સભ્યો ગેરહાજર રહ્યા હતાં. સભામાં સરપંચ સામે કરાયેલી અવિશ્વાસની દરખાસ્ત, વિકાસના થયેલા કામો મુદ્દે આક્ષેપ-પ્રતિઆક્ષેપના પગલે સભામાં ગરમાટો જોવા મળ્યો હતો. મહિનાઓથી સુખાલા ગ્રામપંચાયતમાં એક યા બીજી રીતે વિવાદ ચાલી રહ્યો છે. થોડા સમય સભ્યો દ્વારા સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત પણ થઈ હતી. જોકે સરપંચની તબિયત થોડા સમયથી નાતંદુરસ્ત છે. તેવા સમયે યોજાયેલી ગ્રામ સભામાં મુખ્યત્વે વિકાસના કાર્યો, 2022 થી 2026-27 સુધી થયેલા કામોની યાદી, અવિશ્વાસની દરખાસ્ત બાબતે ગ્રામજનોનો અભિપ્રાય, સરપંચ બાબતે ગ્રામજનોનો અભિપ્રાય સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે. સભામાં તાલુકા પંચાયત સભ્ય કુંજાલી પટેલ, સરપંચ શંકરભાઈ પટેલ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.